નં:-- જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/
પોલીસી/૬૮ /23
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા.૨૪/ ૦૬ /૨૦૧૦.

**//:--પ રિ પ ત્ર--://**

વિષય:-- નિગમની ઔદ્યોગિક વસાહતનો વિકાસ નકશો તૈયાર થઈ ગયા પછી તેના હેતુફેર ઉપર પ્રતિબંધ બાબત.

સંદર્ભ:-- પરિપત્ર નં--ઓએન્ડએમ/સીઆઈઆર/૨૩/૦૮ તા.૨૦/૪/૦૫.

ઔદ્યોગિક વસાહતોમાં ઔદ્યોગિક પ્લોટમાં બિનઅધિકૃત વાણિજય હેતુફેરનો ઉપયોગ કરવા સારૂ નિગમની પૂર્વ મંજુરી મેળવવા માટે નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક--ઓએન્ડએમ/સીઆઈઆર/૨૩/૦૮ તા.૨૦/૦૪/૨૦૦૫ થી સંદર્ભિત પરિપત્ર જારી કરવામાં આવેલ છે. જેમાં વિતરણ થયેલ ઔદ્યોગિક પ્લોટને વાણિજય હેતુ માટે હેતુફેર કરી આપતાં સમયે જે તે ઝોનની પ્રવર્તમાન વિતરણ કિંમતની ત્રણ ગણી રકમ ફી પેટે વસુલ લેવા તથા ફી તરીકે ઓછામાં ઓછી જે ઝોનમાં જમીન આવતી હોય તેની ત્રણ ગણી કે વસાહતના વિસ્તારની બે ગણી રકમ તે બે પૈકી જે રકમ વધુ હોય તે એકી સાથે વસુલ લઈ પૂર્વ મંજુરી આપવાની નીતિ અમલમાં છે.

અનુભવે એવું જણાયેલ છે કે હવે જેમ જેમ ઉદ્યોગોનો ઝડપી વિકાસ થઈ રહયો છે તેમ તેમ તેની જરૂરીયાતોને ધ્યાને રાખી ઉદ્યોગકારો કોમર્શીયલ કચેરીઓ, મોટા મોલ, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપ, ઓટો મોબાઈલ્સ, ટેકનીકલ શૈક્ષણિક સંસ્થાઓ, બેંક વિગેરે જેવી વાણિજ્ય પ્રવૃતિને લગતા ધંધો કરવા આકર્ષાયા છે અને અન્ય ઉદ્યોગકારોને પણ તે તરફ પ્રેરી રહયા છે. પરિણામે નિગમનો મૂળ ઉદ્યોગ સ્થાપવાનો હેતુ સિધ્ધ થતો નથી. પરિણામે ઉદ્યોગને બદલે વેપારની પ્રવૃતિને વેગ મળે છે અને ઉદ્યોગોની વચ્ચે આવા વાણિજયિક સંકુલ ઉભા થઈ રહયા છે. જેનાથી સલામતી, ટ્રાફિક અને અન્ય અનેકવિધ પ્રકારની સમસ્યાના પ્રશ્નો ઉભા થાય છે.

જેથી જે તે વસાહતનો વિકાસ નકશો તૈયાર થઈ ગયા પછી તેમાં નિર્ધારિત કરેલા પ્લોટના પ્રકારમાં હેતુફેર કરવા ઉપર પ્રતિબંધ લાદવાનું નિગમને આવશ્યક જણાતાં નિગમની તા.૯/૬/૧૦નારોજ મળેલ ૪૪૯ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક--૨૦/વિતરણ/૪૪૯ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક--૮૮/વિતરણ/૪૪૯/૨૦૧૦ મુજબ નિગમની પૂર્ણ વિકસીત વસાહતનો વિકાસ નકશો તૈયાર થઈ ગયા પછી ચોકકસ હેતુ માટે વિતરણ થયેલા પ્લોટોના હેતુફેર કરી અન્ય હેતુ માટે ઉપયોગ કરવા માટે મંજુરી આપવાની નીતિ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે છે. ખાસ સંજોગોમાં ફકત ''જાહેર હેતુ'' માટે હેતુફેર મંજુર કરી શકાશે. જેની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી ને રહેશે. જેથી ઔદ્યોગિક પ્લોટ/શેડના ફાળવણીદારો ધ્વારા વાણિજય અથવા અન્ય હેતુ માટે હેતુફેર કરવા માટેની માંગણી સ્વીકારવી નહી. અન્ય કોઈપણ હેતુ માટે પ્લોટની ફાળવણી થયેલ

( પા ન ઉ ત્ત ર )

હોય અથવા પ્લોટ અનામત રાખવામાં આવેલ હોય, જેમ કે ગ્રીન સ્પેશ, રોડ માર્જીન, સી.ઓ.પી. વિગેરે તો તે, તેના હેતુફેરની માંગણી સ્વીકારવી નહિં.

આથી નિગમના તમામ વિતરણ અધિકારીઓને જણાવવામાં આવે છે કે આ સૂચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને નામજોગ પાઠવવી.

સહી/

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારું.

મદદનીશ મેનેજર, વીસી એન્ડ એમડી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું,

(સહી)

કાર્યપાલક નિયામક (ઈ એન્ડ ઓ)